# કેવિકે, દાહોદ ખાતે સૌર ઉર્જા અંગે એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનીવર્સીટી, દાહોદ દ્વારા તા. ૧૧.૦૮.૨૦૨૪ નાં રોજ ગુજરાત અનર્જી ડેવલોપમેન્ટ એજન્સી, ગાંધીનગરનાં સહયોગથી એક દિવસીય વર્કશોપ “ENERGY CONSERVATION WORKSHOP FOR FARMERS THROUGH KVKs” વિષય પર માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા સાહેબનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. સદર કાર્યક્રમની શરૂઆત યુનીવર્સીટી સોંગ તેમજ આવેલ વૈજ્ઞાનિકોના શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ટેકનીકલ શેસનની શરૂઆતમાં ડૉ. એચ. એલ. કાચા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા દ્વારા સદરહું કાર્યક્રમની રૂપરેખા તેમજ ઈલેક્ટ્રીકલ વાહનોનાં ઉપયોગ અને તેના ફાયદાઓ વિષે ખેડૂતભાઈઓને સમજ આપી. ડૉ. ડી. કે. વ્યાસ, સહ પ્રાધ્યાપક, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી, આકૃયુ, ગોધરા દ્વારા સૌર ઉર્જાની ખેતીમાં ઉપયોગીતા, સ્વચ્છ ઉર્જા ઉત્પાદન અને પર્યાવરણ સંરક્ષણ વિષય પર ખેડૂતોને માહિતગાર કર્યા હતા. જયારે ડૉ. શ્રવણ કુમાર, મદદનિશ પ્રાધ્યાપક, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી, આકૃયુ, ગોધરા દ્વારા સૌરા ઉર્જાનું ઉત્પાદન અને તેનો કાર્યક્ષામ ઉપયોગ વિષય પર ખેડૂતોને અવગત કર્યા હતા. ત્યારબાદ ડૉ. એફ. જી. સૈયદ, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઇજનેરી પોલિટેકનીક, આકૃયુ, દાહોદએ પીએમ કુસુમ યોજના, મિશન લાઈફ વિગેરે કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ વિષે ખેડૂતોને અવગત કર્યા હતા. ડૉ. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ પાલન) દ્વારા સિંગલ યુસ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા ખેડૂતોને અપીલ કરી હતી. ત્યાર બાદ ડૉ. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વૈજ્ઞાનિક) દ્વારા કેન્દ્ર દ્વારા સ્થિત વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રકચર, રૂફ ટોપ સોલાર સિસ્ટમ વિગેરે નિદર્શન એકમોની ખેડૂતોને મુલાકાત કરાવી અને ખેડૂતોને સદર એકમો સ્થાપિત કરવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ખરેડી ગામના કુલ ૯૭ જેટલા ખેડુતભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.









